# વાક્પુષ્પ

પ્રાર્થના વગરનું જીવન ખાલી અને અર્થશૂન્ય છે, કારણ કે પ્રાર્થના એ તો પરમાત્મા સાથેનો સંવાદ છે, જે જીવનને પૂર્ણતા તરફ અગ્રેસર કરીને તેને આનંદથી ભરી દે છે. આ જ આપણા જીવનની સાચી મૂડી છે.

આપણે પ્રાર્થના વિધેયાત્મક અને રચનાત્મક કરવી છે. આપણે આપણા જીવનમાં જે કાંઈ ખૂટી રહ્યું છે તેના માટે પ્રાર્થના કરીએ છીએ, તો તે આપણને જરૂર મળવાનું જ છે, પરંતુ એ મળે એ પહેલા એમનો આભાર માનવાનું ભૂલવું નથી.

આપણે જયારે પ્રાર્થના કરતા હોઈએ ત્યારે સર્વત્ર સૌ કોઈના જીવનમાં રહેલી એકતાનો અનુભવ કરવો છે. ક્યાંય કશું અલગ નથી, બધું એક જ છે. પ્રાર્થના વ્યષ્ટિ ચેતનાથી સમષ્ટિ ચેતના સુધી જોડવાની પ્રક્રિયા છે. પ્રાર્થના બધાને એક કરે છે. સૌને આધાર આપનાર એક જ સત્તા છે. વસ્તુઓ વ્યક્તિઓ બધું જ અલગ-અલગ હોવા છતાં સૌને એક જ સૂત્રરૂપે જોડનાર પરમાત્મા છે. આ દ્રષ્ટિ માત્ર વૈદિક ધર્મ કહો કે સનાતન ધર્મ કહો એમાં જ છે. પરમાત્માને અલગ-અલગ માનવા તે તો અખંડિતને ખંડિત કરવાની વાત છે. એવી રીતે આખું જગત અખંડિત ચૈતન્યની અંદર ઓતપ્રોત છે.

આ મારું છે, અમારો ધર્મ શ્રેષ્ઠ છે, જે અમારામાં છે એ બીજે ક્યાંય નથી. આવી ખંડિત વિચારધારા એ જ આપણને અલગ કરે છે. આજે સમય સંગઠિત થવાનો છે. દરેક હિન્દુ અલગ રહીને સારું જ કરે છે, પરંતુ એ બીજાને સ્વીકારતો નથી. આ બીજા છે એવો ભાવ દૂર થાય અને સૌ ધર્મ માટે, દેશ માટે એક થઈએ તો સૌના હૃદયમાં ભગવાન શ્રી રામ નો પ્રાદુર્ભાવ થશે. આ જ સાચી રામનવમી છે.

## વચનામૃત

**पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।**
**अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ।।**

**- વિષ્ણુસહસ્ત્રનામ, શ્લોક-૧૫**

**પદચ્છેદ :** पूतात्मा, परमात्मा, च, मुक्तानां, परमा , गतिः । अव्ययः, पुरुषः, साक्षी, क्षेत्रज्ञः, अक्षरः एव, च ।।

**અર્થ :** पूतात्मा - પૂત એટલે પવિત્ર, જેનો આત્મા પવિત્ર છે, જે પવિત્ર પણ છે અને આત્મા પણ છે.
परमात्मा - પરમ શ્રેષ્ઠ આત્મા, જે કાર્ય કારણથી જુદો તથા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળો છે.
मुक्तानां परमा गतिः - મુક્ત જીવોની પરમ ગતિ, મુકતો માટે પરમ એટલે ઉત્તમ ગતિ. અર્થાત્ જ્યાં ગયા પછી ફરી પાછા સંસારમાં આવવું પડતું નથી.
अव्ययः - આનો વ્યય એટલે કે વિનાશ કે વિકાર હોતો નથી.
पुरुषः - પુર એટલે શરીર એમાં જે શયન કરે છે એ પુરુષ છે. આ મહાન આત્મા નવ દ્વારવાળા શરીરરૂપી નગરમાં વ્યાપીને શયન કરે છે.
साक्षी - કોઈપણ કોઈપણ જાતના વ્યવધાન કે રૂકાવટ વગર પોતાના સ્વરૂપના જ્ઞાનથી સાક્ષાત્ બધું જુએ છે, માટે સાક્ષી છે.
क्षेत्रज्ञः - ક્ષેત્ર એટલે શરીર, જ્ઞ એટલે જેને જાણે છે. શરીર ક્ષેત્ર છે, શુભાશુભ કર્મ તેનું બીજ છે અને પરમાત્મા તેમને જાણે છે તેથી તે ક્ષેત્રજ્ઞ છે.
अक्षरः - તેમનો કદી નાશ થતો નથી.
एव च - આ પ્રમાણે પરમાત્મા સૌનો સાક્ષી, શરીરને જાણવાવાળો અને અવિનાશી છે.

# ભારતીય સંસ્કૃતિ - ૨૮

(પ.પૂ. સ્વામી શ્રી અસંગાનંદ સરસ્વતીજીના પ્રવચનો પર આધારિત)

## પંચયજ્ઞ

આપણે છેલ્લા થોડા સમયથી જે સંસ્કૃતિની વાતો કરી રહ્યા છીએ એ વાતો બીજી કોઈ સંસ્કૃતિની નહીં પરંતુ આપણી જ સંસ્કૃતિની છે, અને તેથી એ આપણી જ વાતો છે. અત્યારે, આપણે માટે એક મોટી વિડંબના છે કે વિવિધ કારણોસર આપણી અંદર લઘુતાગ્રંથિ (inferiority complex) બંધાઇ ગઇ છે, આપણને એમ જ થાય છે કે આપણે વિકસિત દેશો કરતાં બહુ જ પાછળ છીએ, એ દેશોની સરખામણીમાં આપણી પાસે કંઇ જ નથી. તો, આપણે માટે સૌથી અગત્યનું કાર્ય એ છે કે આપણે આ લઘુતાગ્રંથિને શક્ય એટલી જલ્દી કાઢી નાંખીએ, પરંતુ તે ત્યારે જ કાઢી શકીશું કે જ્યારે આપણને એ સમજાશે કે (આપણી સંસ્કૃતિ અને) આપણા પૂર્વજો પહેલાં કેવા હતા, અને આજે આપણે કેવા છીએ. આટલા દિવસોમાં આ વિષે આપણે થોડી વાતો કરી છે.

આપણે એવી સંસ્કૃતિના વારસદાર છીએ કે જે દુનિયાની શ્રેષ્ઠતમ સંસ્કૃતિ હતી, જેના જ્ઞાન અને સભ્યતા શ્રેષ્ઠતમ હતાં, એની જીવન-પરંપરા શ્રેષ્ઠ હતી. આવી આપણી સંસ્કૃતિને સમજવી હોય તો પહેલાં એના મૂળને સમજવું પડે. દરેકે-દરેક સંસ્કૃતિનું મૂળ, એનો પાયો છે એનું જ્ઞાન, પછી એના સિદ્ધાંતો અને એ સંસ્કૃતિનું દર્શન (એની philosophy); આ મૂળ વાતોને આધારે જે-તે સંસ્કૃતિના જનસમુદાયે જે બધું પ્રાપ્ત કરવું હોય, achieve કરવું હોય એ માટેની જીવન અને સમાજ વ્યવસ્થાઓ ઊભી થતી હોય છે.

આપણી ચર્ચાઓ દરમિયાન આપણે સંક્ષેપમાં એ સમજ્યા કે ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યના જીવનની જે સર્વોત્કૃષ્ટ, પરમ

ઉપલબ્ધિ છે એ છે ચેતનાનું જ્ઞાન, પરમાત્માનું જ્ઞાન, સ્વ-નું જ્ઞાન, મનુષ્ય માટે એનાથી મોટું, એનાથી શ્રેષ્ઠ બીજી કોઇ ઉપલબ્ધિ, achievement નથી - આ વાત આપણી સંસ્કૃતિ, આપણું જ્ઞાન, આપણી બધી વ્યવસ્થાઓનો સાર છે.

હવે, દોઢ-બે હજાર વર્ષોમાં ઊભી થયેલી પાશ્ચાત્ય સંસ્કૃતિની જે આખી સમાજ વ્યવસ્થા ઊભી થઇ છે એ વિજ્ઞાન, ભૌતિકતા અને ઇંદ્રિય સુખને કેંદ્રમાં રાખીને થઈ છે - ત્યાંની મુખ્ય વાત એ છે કે મારી પાસે જેટલા વધારે પૈસા હશે, જેટલી સુખ-સાહ્યબી, જેટલા સાધનો અને ઉપકરણો હશે તેટલો હું સુખી થઈશ. આ ભૌતિક 'દર્શન' materialistic philosophy, તર્ક અને વિજ્ઞાનને આધારે એ સંસ્કૃતિએ ભૌતિક વિજ્ઞાન અને આર્થિક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે.

ભારતીય સંસ્કૃતિની વાત કરીએ તો એ તો દશ હજાર વર્ષોથી પણ પુરાતન છે; અહીં આપણા ઋષિઓ આત્મજ્ઞાની તો હતા જ સાથે હોંશિયાર પણ હતા, તેઓ સામાજીક વૈજ્ઞાનિકો (social scientists) કહી શકાય એવા હતા. એમણે એમના જ્ઞાનનો ઉપયોગ સમાજમાં બંને પ્રકારના ઉત્થાન, ઉત્કર્ષ માટે કર્યો - ભૌતિક સુખ-સમૃદ્ધિનું દર્શન (philosophy) અને એ માટેની સમાજ વ્યવસ્થાઓ માટે તો કર્યો જ હતો, સાથે-સાથે આધ્યાત્મિક ઉન્નતિ, આત્મશોધ માટેના ઉત્કૃષ્ટ દર્શન અને સુંદર વ્યવસ્થા માટે પણ કર્યો હતો. આ પ્રકારની વ્યવસ્થાઓને લીધે તત્કાલીન સમાજમાં બંને ક્ષેત્રે સમાંતર અને તે પણ ઘણો વિકાસ થયો હતો - આ દેશમાં ઉત્કૃષ્ટ વિજ્ઞાન-કળા-કારીગરી અને વૈભવ હતા (જેને લીધે જ વિશ્વભરમાં એક માત્ર ભારતને જ सोने की चिड़िया નું બિરુદ સાંપડ્યું હતું). એ સમયની અન્ય સંસ્કૃતિઓ કરતાં ભારતની સંસ્કૃતિ સૌથી વધુ વૈભવશાળી સંસ્કૃતિ હતી, એની તોલે આવે એવી અન્ય બીજી કોઇ સંસ્કૃતિ કે દેશ ન્હોતો. ભારતનું બીજું મહત્ત્વનું ક્ષેત્ર આધ્યાત્મિક ક્ષેત્ર અને એ માટેની વ્યવસ્થા હતી ત્યાં આત્મશોધના ખોજીયા (ખોળવાવાળા) પણ ઘણા હતા!

મેં એક-બે વખત વાત કરી હતી કે સમાજમાં આવા પરસ્પર વિરોધી દેખાતાં મૂલ્યોને શોધી, એ પ્રમાણે વ્યવસ્થા ઊભી કરવી અને, સમાજમાં બંનેને એક સાથે સ્વીકૃત પણ કરાવવા એ બહુ જ અઘરું કામ હતું, ઋષિઓ માટે પણ. એક જ સમાજમાં એક તરફ એક અકિંચન, નગ્ન, દિગંબર પરંતુ જ્ઞાની વ્યક્તિ ઊભી હોય, અને બીજી તરફ કોઇ રાજા-મહારાજા ઊભો હોય અને બંનેને પોત-પોતાને માટે ગૌરવ હોય. જે રાજા છે એની પાસે વૈભવ અને સત્તા હોય, જ્યારે, અકિંચન, દિગંબર, ભિક્ષુક પાસે તો વસ્ત્ર પણ ના હોય અને છતાં એ પણ ગૌરવ લેતો હોય એના જીવન માટે.

તો, આ સંસ્કૃતિએ આવા પરસ્પર વિરોધી દેખાતા જીવન-મૂલ્યો આપ્યા હતાં, અને હજારો વર્ષોથી એ પ્રેમ-પૂર્વક આજ સુધી પળાતા આવ્યા પણ છે; આનું કારણ છે કે વિપરીત દેખાતાં મૂલ્યો તો એક જ જીવનના બે અનિવાર્ય પાસાઓ છે, જેમ કે દિવસ અને રાત, વૃક્ષના બે ભાગ થડ અને એના મૂળિયા - દેખાય વિપરીત, જુદા પરંતુ બંને આવશ્યક છે, એ સાથે જ હોય, તેથી અભિન્ન છે. એટલે, વૈભવ અને અધ્યાત્મ બંને વ્યવસ્થાઓમાં આપણી સંસ્કૃતિ આગળ આવી હતી.

મનુષ્ય-જીવનના આ બે પરસ્પર વિરોધી લાગતાં મૂલ્યોનું યથા-યોગ્ય રીતે સમાજમાં સિંચન થયું, એ જીવન-શૈલી સુચારુ રીતે સ્વીકૃત પણ થઇ એ વાતને સમજવી  બહુ જરૂરી છે, કેમ કે આ સમગ્રતયા (holistic) જીવન-દર્શન માત્ર આપણા કે ભારત માટે જ મહત્ત્વનું નથી, એ તો આખી દુનિયા, આખા વિશ્વના હિત માટે છે. આવી અદ્વિતીય સંસ્કૃતિ બધાને સમજાય, બધા એનું મહત્ત્વ સમજે, બધે આવી વ્યવસ્થાઓ પણ ઊભી થાય, એ રીતનું જીવન જીવાય એ આખા વિશ્વ માટે અત્યારે (તીવ્ર કટ્ટરતાવાળા સમકાલીન સમયમાં) સૌથી વધુ અગત્યનું છે.

કેનોપનિષદમાં ઋષિ કહે છે - भूतेषु-भूतेषु विचित्य धीराः प्रेत्यास्मात् लोकादमृता भवन्ति (૨-૫) - કે જે જ્ઞાની, બુદ્ધિમાન વ્યક્તિ કણે-કણમાં સત્યને, પરમાત્માને, આત્માને જોઇ લે છે એ અહીં (જીવતા-

જીવત) અને અહીંથી ગયા પછી પણ એ અમૃત થઇ જાય છે, અમર થઇ જાય છે, શાશ્વત થઇ જાય છે. આ વાત આપણી સંસ્કૃતિની પરમોચ્ચ ઉપલબ્ધિ છે. આપણા ભક્ત-કવિ નરસિંહ મહેતાએ એમના ભજનમાં ગાયું છે કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ...' આખા અસ્તિત્વમાં એક જ સત્ય છે, એ સિવાય બીજું કશું જ નથી, એને જ આધારે મને મારા હૃદયમાં 'अहम्... अहम्... હું...હું...'ની પ્રતીતિ, એ જ સત્યની પ્રતીતિ થઇ રહી છે. હું જ્યાં સુધી એની ઉપલબ્ધિ નથી પામતો, ત્યાં સુધી મારા જીવનમાં મને સમાધાન નથી. કઠોપનિષદમાં ઋષિ કહે છે - 'तेषां सुखं शाश्वतं नेतरेषाम्' (૨-૨-૧૨) - કે જેણે 'એ' (સત્ય)ને પોતાના હૃદયની અંદર ઉપલબ્ધ કરી લીધું છે એને જ શાશ્વત સુખ મળે છે, બીજા કોઇને નહીં.

હવે, આ જે પરમ સત્યનું જ્ઞાન છે એને લક્ષ્ય બનાવી, પ્રાપ્તવ્ય બનાવી એને આધારે આપણી સંસ્કૃતિની બધી વ્યવસ્થાઓ ઊભી થઇ છે. દરેક સમાજ-દેશની વ્યવસ્થાઓ માણસ માટે હોય છે, એની આવશ્યક્તાઓ, જરૂરિયાતો પૂરી કરવા માટે હોય છે. માણસને આહાર-વિહાર જોઇએ, એનો પરિવાર હોય, સમાજ હોય અને એમાં રહેતા બધાની જુદી-જુદી જરૂરિયાતો પણ હોય; એવી જ રીતે દેશ હોય, રાષ્ટ્ર હોય, બધું હોય...

તો, દરેક સમાજની વ્યવસ્થાઓ એ પ્રમાણે ઊભી થશે કે જે એમાં રહેતા માણસને એનું લક્ષ્ય મેળવવામાં સહાયભૂત હોય. પશ્ચિમ જગતની વ્યવસ્થાનું લક્ષ્ય છે ધન-વૈભવ; એ સમાજમાં જેની પાસે વધુ ધન-પૈસા હશે એ જ મોટો, અગત્યનો ગણાય. આ જ વાતને સાદી રીતે કહીએ તો જેણે બેંકો પાસેથી વધુ પૈસા લીધા હોય, જે બેંકોનો સૌથી મોટો કરજદાર હોય સમાજમાં એની સાખ, ક્રેડિટ વધારે.

ભારતમાં આપણે હજુ સુધી એવા માણસને મોટો, મહાન ગણીએ છીએ કે જેણે આત્માને જાણ્યો છે; એટલે જ લોક-ગીતોમાં પણ ગવાયું છે કે 'આત્માને ઓળખ્યા વિના રે.... લખ ચોરાશી નહીં તો ટળે રે લોલ...' આજે પણ ગામડાનો એક સંત આ જ

ભાષા બોલતો હોય... તો, ભારતમાં મનુષ્ય જીવનનો આ સાર છે. અટપટી લાગતી આ સરળ વાતો જ્યાં સુધી નહીં સમજાશે ત્યાં સુધી આપણી આખી જે (પુરાતન) સમાજ-વ્યવસ્થા (જે આજે પણ જીવંત છે) એ નહીં સમજાશે.

આજે પણ સમસ્ત ભારતમાં જે પ્રમાણેની પરિવારની વ્યવસ્થા, પૂજા-ઉપાસના, વ્રત-વિધિ-ધર્મ-સાધના ઇત્યાદિ કે વર્ણ વ્યવસ્થાઓ પણ છે એ મહદઅંશે સરખી હશે, નાના-મોટા-થોડા બદલાવ સાથે. હવે, જો આ બધી વ્યવસ્થાઓનું લક્ષ્ય, મહત્ત્વ, અર્થ નહીં સમજાય, એમાં ક્યાંય અન્યાય લાગે, એમાં કશું અનુચિત લાગે તો શક્ય છે કે એ બધું જોવાતું હોય કોઇ અન્ય વિચારોથી, નિરીશ્વરવાદના દ્રષ્ટિકોણથી, પાશ્ચત્ય દ્રષ્ટિકોણથી, અર્થ-વૈભવને કેંદ્રમાં રાખીને જોવાતું હોય.

એટલે, જ્યાં સુધી કોઇ પણ વ્યવસ્થાનું લક્ષ્ય ધ્યાનમાં નહીં હશે, એનો સાર ધ્યાનમાં નહીં હશે તો એ વ્યવસ્થા પૂરે-પૂરી સમજાશે નહીં, કેમ કે લક્ષ્યને આધારે જ સમાજ-વ્યવસ્થાનું નિર્માણ થતું હોય છે. જો સમાજ કે દેશનું લક્ષ્ય અર્થ-પૈસા છે તો પછી ત્યાંની વ્યવસ્થા એ પ્રમાણેની ઊભી થાય છે, પહેલા કહ્યું તેમ, પછી એ વ્યવસ્થામાં દરેક વ્યક્તિ ધનોપાર્જન માટે જ કામ કરશે, લક્ષ્ય? વધુ-ને-વધુ ધન-પૈસા મેળવવા. એ સમાજ-દેશનું આખે-આખું તંત્ર ધનોત્કર્શ માટે જ કાર્યરત હશે, અને જાણ્યે-અજાણ્યે બધાં લોકો એ દેશના આર્થિક વિકાસમાં લાગી જાય.

ભારતની વેદો-આધારિત જીવન અને સમાજ વ્યવસ્થાના કેંદ્રમાં, મૂળમાં આત્મા, આત્માની શોધ છે, એટલે, હવે પછીની આપણી નવી સમાજ-વ્યવસ્થા (ભવિષ્યમાં જ્યારે થશે) એ આત્માને મેળવવા માટેની હશે. આપણી વ્યવસ્થા એવી હશે કે એમાં માણસની આર્થિક ઉન્નતિ તો થાય, જીવન છે તો લક્ષ્મી તો જોઇએ, લક્ષ્મી વગર જીવન-વ્યાપન શક્ય નથી, પરંતુ, એકલા લક્ષ્મીજી નહીં, સાથે-સાથે નારાયણ પણ જોઇએ; એટલે, સમાજના દરેક વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ પણ સાથે થવો જોઇએ, આપણી વ્યવસ્થા એ રીતે ઊભી

થશે. સંભવિત નવી વ્યવસ્થાના સંદર્ભમાં એક-બે વ્યવસ્થા વિષે આપણે થોડી વાતો કરી હતી, આજે એક બીજી વ્યવસ્થા વિષે વાત કરીએ છીએ - પંચયજ્ઞ વિષે.

આપણા ઋષિઓએ વ્યક્તિ અને સમાજ માટેના બૃહદ્-ધર્મના પરિપ્રેક્ષ્યમાં એક સુંદર વ્યવસ્થા આપી હતી તે પંચયજ્ઞની. વ્યક્તિગત ધર્મમાં દરેકે રોજ પંચયજ્ઞ કરવાનો હોય છે. એનો હેતુ એ છે કે હું જીવનની દરેક વસ્તુઓમાં સત્યને જોઇ-ઓળખી-સ્વીકારી શકું એ માટે એ દિશામાં જઇ શકું. મારા લક્ષ્યને (આત્માને) મેળવવા માટે જીવનમાં દરેક વસ્તુઓ સાથે મારો વ્યવહાર કેવો હોવો જોઇએ? એ એવો હોવો જોઇએ કે એ વસ્તુઓ, વ્યવહારનો હું યથા-યોગ્ય ફાયદો લઇ શકું. મારા લૌકિક અને અલૌકિક (આધ્યાત્મિક) વિકાસ સાથે-સાથે કઇ રીતે થાય, અને એ માટેની દિશા કઇ હોવી જોઇએ, આવી બધી વાતોનો નિર્દેશ પંચયજ્ઞમાં છે.

**મારા લક્ષ્યને (આત્માને) મેળવવા માટે જીવનમાં દરેક વસ્તુઓ સાથે મારો વ્યવહાર કેવો હોવો જોઇએ? એ એવો હોવો જોઇએ કે એ વસ્તુઓ, વ્યવહારનો હું યથા-યોગ્ય ફાયદો લઇ શકું. મારા લૌકિક અને અલૌકિક (આધ્યાત્મિક) વિકાસ સાથે-સાથે કઇ રીતે થાય, અને એ માટેની દિશા કઇ હોવી જોઇએ, આવી બધી વાતોનો નિર્દેશ પંચયજ્ઞમાં છે.**

પંચયજ્ઞના નામો આ છે - બ્રહ્મયજ્ઞ (ઋષિ યજ્ઞ), દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, નૃ-યજ્ઞ અને ભૂતયજ્ઞ. સનાતન ધર્મને અનુસરનાર દરેક વ્યક્તિએ આ પાંચ યજ્ઞો રોજેય કરવાના હોય છે. આ યજ્ઞો શું કામ કરવાના? તે એટલા માટે કે દરેક મનુષ્યો ઉપર આ પાંચેયના ઋણ છે - ઋષિઓનું ઋણ, દેવતાઓનું ઋણ, પિતૃઓનું ઋણ, નૃ-ઋણ અને અન્ય જીવોનું, ભૂત-ઋણ (જીવ-પ્રકૃતિ જગતમાંના બધાનું ઋણ). આપણા ઉપર જે કોઇનો ઉપકાર, કોઇનું ઋણ હોય તો તે ઉતારવું જોઇએ, એટલે આ યજ્ઞો કરીએ તો આપણે કોઇ મોટું

પરાક્રમ કરીએ છીએ એવું નથી, ઉલટાનું આપણે આ યજ્ઞો કરવાથી ઉઋણ (ઋણ-મુક્ત) થઇએ છીએ, ઋણથી બહાર નીકળીએ છીએ; એમના ઉપકારનો આપણે પ્રત્યુપકાર કરીએ છીએ.

આ યજ્ઞો કરતી વેળાએ એક-બે અગત્યની વાત યાદ રાખવા જેવી છે: એક, હું યજ્ઞ કરું છું ઉઋણ (ઋણ-મુક્ત) થવા માટે; બીજું, આ પંચયજ્ઞો કરવાના મારા પ્રયાસો દરમિયાન મારા ઉપર ઉપકાર, ઋણ કરનાર તરફ મારો ભાવ કૃતજ્ઞતાનો હોવો જોઇએ ઙ્ગ આ કૃતજ્ઞતાનો ભાવ જ સૌથી મહત્વની વાત છે કેમ કે કૃતજ્ઞતાપૂર્વક ઋણ-મુક્તિના પ્રયાસ, કાર્ય આપણા અંતરને, આપણા હૃદયને પવિત્ર કરે એવો બીજો કોઇ ભાવ નથી. માનો કે મારા જીવનને કોઇએ બચાવી લીધું હોય, હું મરતા-મરતા રહી ગયો, બચી ગયો હોઉં અને આવું કરવા પાછળ એ વ્યક્તિનો કોઇ નિજી સ્વાર્થ ના હોય, કોઇ અપેક્ષા પણ ના હોય. તો, આવી વ્યક્તિનો આભાર હું કોઇ શબ્દો દ્વારા વ્યક્ત નથી કરી શકતો, પણ એ સમયનું મારા શરીરનું કંપન, મારી આંખોમાં જે આંસુ હશે, ચહેરા પર જે ભાવ હશે... નિ:શબ્દ છતાં મારા અંતરના એ ભાવો બધું વ્યક્ત કરશે, એ વ્યક્તિ તરફ મારા કૃતજ્ઞતાના ભાવથી વધારે, મારા આંસુ, મારા અંતસ્ અને મારા અંતરાત્માને પવિત્ર કરનારું બીજું કશું છે જ નહીં. આવા કારણોને લીધે હું જે પંચયજ્ઞ કરું છું. એ મારા ચૈતન્યની અભિવ્યક્તિ છે, એને સમજીએ.

આ યજ્ઞોમાં પરમ સત્ય મારું લક્ષ્ય છે, બ્રહ્મ મારું લક્ષ્ય છે. હવે, મારા રોજિંદા જીવનમાં હું જ્યારે સામાન્ય વ્યવહાર કરું છું તો ત્યાં અન્ય માણસો હોય, આખું પ્રાણી જગત હોય, વૃક્ષ, માટી, પાણી, અગ્નિ અને બીજું ઘણું બધું પણ હોય - મારી સાથે કોઇ-ને-કોઇ કારણથી આખું વિશ્વ જોડાયેલું હોય છે. તેથી, આપણા ઋષિઓ, આપણી સંસ્કૃતિ આ બધાય 'સંબંધો'ને પાંચ phaseમાં, તબક્કામાં વિભાજીત કરે છે - એને સમજજો.

પાંચ તબક્કામાં સૌથી પહેલો તબક્કો 'સંબંધ' છે, પરમ સત્ય સાથેનો; પરંતુ એ જ 'પરમ સત્ય' મને મારા રોજિંદા જીવનમાં જડ

વસ્તુઓ તરીકે દેખાય છે - વૃક્ષ, માટી, પત્થર, પાણી, અગ્નિ, પશુ-પક્ષી એવું બધું. વાસ્તવમાં, એ જ પરમ સત્ય સર્વ પદાર્થોમાં વિલસી રહ્યું છે, એ જ સત્ય બધાં પદાર્થોમાં અભિવ્યક્ત થઇ રહ્યું છે. તો, જે સ્થૂળ દેખાતી દરેક વસ્તુઓથી છેક શુદ્ધતમ ચૈતન્ય, ઇંદ્રિયાતીત ચૈતન્ય છે એ તાત્ત્વિક રીતે અંતત: બધું એક જ છે. જો કોઇ વસ્તુનો પોતાનો તબક્કો બદલાઇ જાય છે તો પણ મૂળ તત્ત્વ - પરમ ચૈતન્ય - એ બિલકુલ બદલાતું નથી. આ સમજજો.

મારું સુતરાઉ કાપડ છે, સ્થૂળ રીતે જોઇએ તો એનો મૂળ તબક્કો (phase) રૂ-ના સ્વરૂપે છે. એ જ રૂ-માંથી તાંતણા-રેસા બને (આ બીજો તબક્કો); પછી એ જ રૂ, દોરો બને (ત્રીજો તબક્કો); દોરાને રંગમાં ઝબોળી રંગીન બનાવાય (ચોથો તબક્કો); એ રંગીન દોરો વણાટકાર્યથી કાપડ બને (પાંચમો તબક્કો); એ કાપડ દરજીને ત્યાં જાય, આવશ્યકતા પ્રમાણે વેતરાય અને જુદાં-જુદાં ઉપયોગી વસ્ત્રો બને (છટ્ઠો તબક્કો); વળી, એ જ કાપડમાંથી જાત-જાતના ‘સ્વરૂપો’ પણ ‘નિર્માણ’ થાય છે... શર્ટ, બંડી, પેંટ, સાડી, પંજાબી ડ્રેસસ અધધધ... કેટલા બધાં તબક્કાઓ છે એક જ રૂ-ના! અને છતાં એ બધાં સાથે મૂળ રૂ-નું અનુસંધાન, જોડાણ તો એવું-ને-એવું જ રહે છે! રૂ તો એ જ છે ‌ઘ્ર અલગ-અલગ તબક્કામાં હોય અને એ જે તબક્કાનું હોય, જે કામમાં આવે એ રીતે આપણે ઉપયોગમાં લઇ શકાય.

ઠીક આવી જ રીતે હું શાક-ભાજી સાથે જ્યારે વ્યવહાર કરું છું, તો ત્યાં પણ મારું અનુસંધાન પરમ ચૈતન્ય સાથે અકબંધ રહે જ છે, કેમ કે શાક-ભાજીમાં પણ એ જ સત્ય, એ જ પરમ ચેતના સ્પંદિત છે.

મારા રોજિંદા જીવનમાં જે બધી વસ્તુઓ-જીવો સાથે મારે ‘સંબંધ’ હોય છે એ બધા મારફતે મારું જોડાણ, અનુસંધાન પરમ ચેતના સાથે રહે છે, હું એ બધાં મારફતે એ સત્ય, પરમાત્મા સાથે હર ઘઢીએ જોડાયેલો રહું છું, મારું અનુસંધાન સત્ય, પરમ ચૈતન્ય, પરમાત્મા સાથે સતત રહે જ છે, એટલે, આ યજ્ઞ કરવાનો હોય.

પરમ સત્ય, પરમાત્મા સાથે આવા અનેક પ્રકારોનું અલૌકિક અનુસંધાન, આપણું જોડાણ છે. આ દિવ્ય જોડાણ માટેનો આભાર વ્યક્ત કરવા માટે, પરમાત્માના, બ્રહ્મના, ઋષિઓના આપણા ઉપરના અનેકાનેક ઋણોને કૃતજ્ઞતાપૂર્વક યાદ રાખીને એ ઋણમાંથી મુક્ત થવા, આપણું અંતસ પવિત્ર કરવા માટે ભાવપુર્વક પંચયજ્ઞની વ્યવસ્થા છે, અને તેથી દરેક સાધકે એ બ્રહ્મયજ્ઞ રોજે-રોજ કરવો.

હવે, બ્રહ્મયજ્ઞ, ઋષિયજ્ઞમાં શું કરવાનું એ સમજીએ - આ યજ્ઞમાં સરળ રીતે કહે છે કે વેદોનું અધ્યયન, સ્વાધ્યાય કરવો, રોજે કરવાનો. वेदोनित्यमधीयतां तदुदितं कर्मस्वनुष्ठीयतां - ભાષ્યકારે એમના साधनपंचकम्માં સૌથી પહેલા શ્લોકમાં સાધકોને ઉપદેશ આપ્યો છે કે વેદોનું નિત્ય અધ્યયન કરવાનું. વેદોનું નિત્ય અધ્યયન કરવાનું એટલે, એમાં વેદો ઉપરાંત ઉપનિષદો, શાસ્ત્રો, ઋષિઓના, સંતોના જીવન-ચરિત્ર, સંદેશાઓ, અનુભવો, સત્સંગ...વિગેરે બધું આવી ગયું.

**પરમ સત્યને વિજ્ઞાનની અત્યાધુનિક પ્રયોગશાળા જણાવી શકશે નહીં, કેમ કે એ સત્ય તો ઇંદ્રિયાતીત છે, કોઇ પણ ઇંદ્રિયોનો અનુભવ એ સત્ય સુધી પહોંચી શકશે નહીં; જે સાધક પોતાના હ્રદયમાં ડુબકી લગાવે એ જ એ સત્ય સુધી પહોંચી શકશે**

વેદાધ્યયન કરતી વેળાએ વેદોની ભાષા, એમાંની વાતો જો નથી સમજાતી તો ઉપનિષદો, સ્મૃતિઓ છે જે થોડી સરળ છે એનું અધ્યયન કરવાનું; જો એ પણ નથી સમજાતું તો પુરાણો છે, એ પણ જો નથી સમજાતા, તો પછી સંતોની લોકભાષાવાળી વાણી છે એ વાંચવી-સાંભળવી, એ સૌ વેદોની જ વાતો કહેનારા છે. આવું બધું કરવાનું કેમ કે પરમ સત્યને, પરમાત્માની વાતો લોકોને કહેવા-સમજાવવા માટે સંતો પાસે પણ વેદો સિવાય અન્ય કોઇ વાત કે રસ્તો જ નથી. પરમ સત્યને વિજ્ઞાનની અત્યાધુનિક પ્રયોગશાળા જણાવી શકશે નહીં, કેમ કે એ સત્ય તો ઇંદ્રિયાતીત છે, કોઇ પણ

ઇંદ્રિયોનો અનુભવ એ સત્ય સુધી પહોંચી શકશે નહીં; જે સાધક પોતાના હૃદયમાં ડુબકી લગાવે એ જ એ સત્ય સુધી પહોંચી શકશે.

આધુનિક સમયમાં કોઇ પણ વાત પ્રામાણ-આધારિત હોય તો એ જલ્દી સ્વીકારાય છે; અને હવે તો પરમ સત્યની બાબતમાં પરમાત્મા માટે પણ આ જરૂરી છે. પ્રમાણની બાબતમાં આપણે આજના વિજ્ઞાન કરતાં એક પ્રમાણ વધુ માનીએ છીએ અને એ છે 'આગમ-પ્રમાણ'. પતંજલિઋષિ એમના યોગસૂત્રમાં જણાવે છે કે પ્રમાણ ત્રણ પ્રકારના છે - प्रत्यक्षानुमानागमाः प्रमाणानि '' ૧-૭ '' વિજ્ઞાન માત્ર બે-જ વાતોને પ્રામાણ માને છે પ્રત્યક્ષ અને અનુમાન, એ આગમને પ્રમાણ નથી માનતું, આપણે 'આગમ-પ્રમાણ' માનીએ છીએ.

માની લો કે તમે એક સ્વપ્ન જોયું, અને સ્વપ્નમાં તમે લાલ કમળ જોયા. હવે, તમે કોઇને કહો કે તમે સ્વપ્નમાં લાલ કમળ જોયા છે, અને એ વ્યક્તિ તમને પૂછશે કે  તમારી પાસે કોઇ પ્રમાણ છે? કોઇ ફોટો, કોઇ સાક્ષી, કશું બીજું કાંઇ? તો, તમે, કે કોઇ પણ આ માટે કોઈ પ્રમાણ આપી શકે ખરું? અને જો પ્રમાણ ના આપી શકાય તો શું તમે જૂઠા છો? તમે ખોટું બોલો છો?

જાતે જોયેલા સ્વપ્નની વાત અને જાતે, પોતાની અંદર અનુભવાયેલી વાતોનું કોઇ પ્રત્યક્ષ પ્રમાણ નથી આપી શકાતું. એટલે, આપણા ઋષિઓએ, આપણી સંસ્કૃતિએ શ્રદ્ધા ઉપર એટલો ભાર આપ્યો છે કે આપણે કહેનાર વ્યક્તિ ઉપર વિશ્વાસ, શ્રદ્ધા રાખવા જ પડે, અને તેથી, તમે સાચું જ કહો છો એવું માની લેવું પડે કે તમે સ્વપ્નમાં લાલ કમળ જોયા છે, એ સિવાય બીજો કોઇ ઉપાય જ નથી.

આવી જ રીતે, જે સાધકે-યોગીએ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે એના સ્વાનુભવને માનવા માટે એની અનુભવ-સિદ્ધ વાણી જ એની વાતનું પ્રમાણ છે. એટલે, આપણે ઋષિઓના દિવ્ય સ્વાનુભવોના સત્ય-કથનયુક્ત વેદોને (આગમને) પણ પ્રમાણ માનીએ છીએ, પરંતુ, પાશ્ચાત્ય વિજ્ઞાન આગમને નથી જાણતું,

નથી સ્વીકારતું, તેથી માનતું પણ નથી. પરમ સત્યને, પરમાત્માના અસ્તિત્વને પ્રમાણિત કરવા માટે વિશ્વ આખામાં, અને ભારતમાં પણ વેદો સિવાય બીજું કોઇ જ પ્રમાણ નથી.

એટલે, પરમાત્માના અસ્તિત્વને સમજવા માટે આપણે વેદોનું નિત્ય અધ્યયન કરવાનું; નિત્ય અધ્યયનમાં પછી એના હિસાબે કર્મ આવશે, ભક્તિ આવશે, ઉપાસના, સાધના, ધ્યાન એ બધું જ આવશે. એટલા માટે નિત્ય વેદાધ્યયન કરવાનું, તો હું ધીમે-ધીમે એ પરમ સત્ય સાથે જોડાઇશ; મારા ભાવ-પૂર્વક જોડાવાથી એ સત્ય મારે માટે વધારે પ્રકટ થશે, તેથી, હું વધારે એની નજીક જઇશ. તો, આ સભાનતા (awareness) જરૂરી છે. હું એ સત્યને નથી જાણતો ત્યારે એની સાથે જોડાયેલો નથી એવું નથી, પરંતુ હું નથી જાણતો તેથી હું એ સત્ય તરફ સભાન નથી હોતો; પરિણામે, મારી અસભાનતા ને કારણે એ પરમ સત્યના અસ્તિત્વથી મને જે લાભ મળી શકતા હોય - પરમ-આનંદ, પરમ શાંતિ, પરમ જ્ઞાન - એ મને નહીં મળશે.

એટલે મારે સાધના કરવી છે, એને, એ પરમ સત્યને મારે જાણવું છે, એને મારી અંદર ઉદ્‌ઘાટિત કરવું છે. આ ત્યારે જ શક્ય બનશે કે જ્યારે હું રોજેય એની સાથે સભાનતાપૂર્વક, ભાવ-સહિત જોડાઉં તો; એટલે, રોજેય ઋષિયજ્ઞ કરવો જોઇએ. આપણા રોજિંદા નિત્ય ધર્મમાં રોજની ત્રણ સમયની સંધ્યા કરવા કહ્યું છે, અને એ સતત યાદ રહે એ માટે એવું પણ કીધું છે કે જ્યાં સુધી સંધ્યા ના કરે ત્યાં સુધી કશું ખાવું નહીં.

આજે ભલે આપણે આ બધી વાતો ભૂલી ગયા હોઇએ, તો પણ એક સામાન્ય નિયમ તો લઇ શકીએ કે જ્યાં સુધી સાધના નહીં કરશું, યોગાસન-પ્રાણાયામ-જપ-ધ્યાન, સંધ્યા નહીં કરીશું ત્યાં સુધી જમશું નહીં; જો આવું થશે તો બધું નિયમિત થઇ જશે, પછી અનિયમિત થવાનો અવકાશ નથી, બધું નિયમિત થઇ જશે.

હમણાં અમે વાત કરતા હતા કે એક સંતે એક બહેન જેને બહુ ગુસ્સો આવતો હતો એને કીધું કે જ્યારે તમને ગુસ્સો આવે ત્યારે

તમારે પચાસ રૂપિયા દાન કરી દેવાના. થોડા દિવસો પછી એ બહેન મળ્યા, અને સંતે પૂછ્યું કે હવે તમારો ગુસ્સો કેવો છે? તો એ કહે, "મારો ગુસ્સો તો બે-ત્રણ દિવસમાં જ જતો રહ્યો." આપણને લૌકિક નુક્શાન દેખાય તો પથ્ય, નિયમ, શિખામણ, બધાનું પાલન થવા લાગે છે. એટલે, સંધ્યા વગર જો ખાવાનું નહીં મળે તો બધું પાલન થવા લાગે.

બહેનોએ ચંદ્ર-દર્શનનું વ્રત લીધું હોય તો તેમને ભલે ગમે તેટલી ભૂખ લાગી હોય, ચંદ્ર દર્શન ના થાય ત્યાં સુધી એ કશું પણ ખાતા નથી, એ એમના વ્રતને વળગી રહે છે. એવી જ રીતે સંધ્યા માટે પણ વળગી રહેવાનું કે જ્યાં સુધી સંધ્યા નહીં કરીશ ત્યાં સુધી નહીં ખાઈશું; અને, મહિનામાં ભલે એકાદ દિવસ કદાચ એવું થઇ જાય કે સંધ્યા ના થઇ, તો એ પણ લાભકારી જ છે, ઉપવાસથી લાભકારી, શ્રેષ્ઠ બીજું શું હોઇ શકે?

પંચયજ્ઞમાં બીજો યજ્ઞ છે દેવયજ્ઞ. દેવયજ્ઞની પાછળની જે ભાવના છે, અને એની પાછળની જે સમજ છે એ બંને બહુ ગજબની વાત છે. દેવયજ્ઞની વાત સમજવી હોય તો આ રીતે સમજી શકાય -જે કોઇ પણ સ્થૂળ વસ્તુ દેખાતી હોય એ દરેકે-દરેકમાં એ વસ્તુના ખાસ ગુણધર્મો હોય છે, એમાંથી કોઇ વ્યક્ત હોય, અમુક ના ય દેખાય અને અમુક અવ્યક્ત, એની અંદર છુપાયેલા હોય છે. હવે એ વસ્તુના બધા ગુણધર્મોના એક ખાસ અધિષ્ઠાતા દેવ (સૂક્ષ્મ શક્તિ) હોય જે એ ગુણોનું સંચાલન કરતા હોય. એમ સમજો કે એ સ્થૂળ વસ્તુ કોઇ ઉપકરણની જેવું હાર્ડ્વેર છે, એની અંદર એને સંચાલાન કરનાર પ્રોગ્રામ, સોફ્ટવેર હોય છે જેને આધારે એમાં નિયત કાર્ય થતું હોય છે.

એવી જ રીતે કોઇ એક નાનું બી (seed) હોય છે; એને જમીનમાં રોપ્યા પછી અમુક સમય બાદ એમાંથી અંકુર ફૂટે છે; ત્યાર પછી થોડા દિવસોમાં એ નાનો છોડ બનીને ઉગે છે, એના ઉપર ખાસ રંગના, ખાસ પ્રકારના પાંદડા, ફૂલ ઉગે છે. આ જ છોડ જ્યારે વૃક્ષ બને છે ત્યારે એના ઉપર જે ફળનું એ બી હોય છે એ

જ ફળ એના ઉપર ઉગે છે. તો, આ બધું ક્રમબદ્ધ થઇ શકવા માટે એ બી-ની અંદર એક ખાસ પ્રકારનો 'પ્રોગ્રામ' હશે; એ બી-ની અંદરનો ગજબનો પ્રોગ્રામ છે એનું સંચાલન કરનાર કોઇ શક્તિ હોય છે.

પાણી પણ એક કુદરતી પદાર્થ (element) છે, એની અંદર પણ સૂક્ષ્મ શક્તિ હોય છે એ સૂક્ષ્મ શક્તિને તમે જે રીતે ભાવના કરો એ રીતે એની સૂક્ષ્મ શક્તિ એમાંથી પ્રકટ થાય છે.

મનુષ્ય-શરીરનું પણ ગજબનું પ્રોગ્રામિંગ છે! હવે મનુષ્ય એ સૂક્ષ્મ શક્તિને કઈ રીતે સમજીને એને પોતાના હાથમાં લઈ શકે, કઈ રીતે એ શક્તિને વધારે ઉદ્‌ઘાટિત કરી શકે, વધારે પ્રકટ કરી શકે એ દેવયજ્ઞથી થાય.

એટલે, આપણે પાણીમાં વરુણદેવને જોયા, અગ્નિમાં અગ્નિદેવને જોયા, નદીઓમાં દેવીઓને જોયા, પર્વતોમાં પણ દેવોને જોયા. હવે પાણીની વાત કરીએ અને જો પાણી માત્ર એક સ્થૂળ પદાર્થ જ હોય તો એનાથી એક સ્થૂળ ફાયદો થાય, પણ એ પાણી કોઇનો રોગ મટાડનાર પણ બની શકે, જળને અમુક મંત્રથી અભિમંત્રીત કરીને આપીએ, તો દર્દીનો રોગ મટી જાય છે; કોઇ વનસ્પતિ અભિમંત્રિત કરીને રોગીને આપવામાં આવે તો એનો રોગ મટી જાય. તો, પાણીની અંદર રહેલા જે દૈવી તત્ત્વો છે, એની ઉપાસના હોય. એટલે આપણે ત્યાં દરેકના દેવ-દેવીઓ હોય દ્ધ કુળદેવ, કુળદેવી, ગ્રામદેવ, ક્ષેત્ર-દેવ ... આમ, આપણે જે બધી વસ્તુઓ વાપરીએ છીએ એ બધાયના દેવ-દેવીઓ છે. ત્રિદેવો તો છે-જ દ્ધ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ; પછી પંચદેવો પણ છે એ દેવોની આપણે રોજ ઉપાસના-પૂજા કરીએ છીએ; વળી, બધા ગ્રહ-નક્ષત્રોની શાંતિ પૂજા કરીએ છીએ, ગૃહ-શાંતિ પૂજા-હવન કરીએ છીએ, બધાંય ને યાદ કરીએ છીએ, સ્મરણ કરીએ છીએ, અને પછી પૂજા-ઉપાસના વગેરે કરીએ છીએ.

આ ભાવપૂર્ણ દર્શન (philosophy)ને કારણે આપણે નદીઓમાં દૈવીશક્તિને પ્રકટ કરી શક્યા; અને જો આવું દર્શન ના હોત, નદીઓ

પણ જીવંત હોવાની, એમના પ્રત્યે આદર પૂર્વકનો ભાવ, સમજ ના હોત તો આપણે ત્યાંની જે નદીની, નર્મદા નદીની પરિક્રમાની આજે જે પરંપરા છે તે હજારો વર્ષોથી ચાલુ ના રહી શકી હોત. કેટ-કેટલા લોકોએ આ પરિક્રમા કરી હશે, એમાંથી ઘણા લોકોએ પોતાના અનુભવોને વર્ણવતા પુસ્તકો લખ્યાં છે, સેંકડો પુસ્તકો લખાયાં હશે... તમે આ અનુભવોને વાંચો તો સમજાશે કે ત્યાંની અધિષ્ઠાત્રિ દેવી-મા નર્મદાએ સ્ત્રી-સ્વરૂપે કેટલાય પરિક્રમા કરતા ભાવિક લોકોને દર્શન આપ્યા છે તે સમજાશે, દર્શન તો આપ્યા છે, સાથે-સાથે એમને મદદ પણ કરી હોવાના કેટલાય પ્રસંગો પણ વાંચવા મળશે. તો, આ નર્મદા નદી માત્ર સાદું પાણી કે વહેતી ધારા નથી, એ આપણા માટે સાક્ષાત્ મા-સ્વરૂપે છે; તેથી નદીઓમાં જે દૈવી શક્તિ છે એ આપણે માટે મા-સમાન છે, નદીઓ પ્રત્યે આપણને મા-નો ભાવ છે. આ ભાવને કઇ રીતે પ્રકટ કરી શકાય એ સમજ દેવ-યજ્ઞની પાછળ છે.

એવી જ રીતે આપણને અગ્નિ પ્રત્યે દેવત્વનો જે ભાવ છે, કે એ પણ પૂજનીય છે અને એ અગ્નિદેવને વિનંતિ કરીને કહો કે એ બાળે નહીં, તો એ સાચે જ નહીં બાળશે. એવા-એવા દાખલાઓ છે કે લોકો અગ્નિ-દેવને વંદન-પૂજા કરીને સાચા બળતા દેવતા-અંગારા ઉપર ચાલે છે, તો પણ એમને જરા સરખી આંચ નથી આવતી; એવી જ રીતે પાણી, નદી પણ રસ્તો કરી આપે છે.

બંગાળમાં એક વખત એક મોટા સંત તોતાપુરી આવ્યા હતા; ત્યાં તેઓ રામકૃષ્ણના અદ્વૈત-વિગેરેના શિક્ષણ માટે રોકાયા હતા. એમનો નિયમ હતો કે ત્રણ દિવસોથી વધારે ક્યાંય રોકાવું નહીં. ત્યારે જ એક દિવસ એમને પેટમાં એટલી વેદના થઇ, એમને થયું કે હું શરીરને જતું કરી દઉં, જળસમાધિ લઇ લઉં, પણ રમકૃષ્ણનું કામ પૂરું થયું ન હતું, અને જો એ ગુરુદેવ જતા રહે તો રામકૃષ્ણનું શિક્ષણ કઇ રીતે પૂરું થાય? એટલે, રામકૃષ્ણના શિક્ષણ માટે મા-એ તોતાપુરીની વ્યવસ્થા કરેલી.

તોતાપુરી એમની પેટની વેદના શમાવવા ગયા ગંગાજીમાં,

જળસમાધિ લેવા. હવે ત્યાં કલકત્તા (આજનું કોલકાટા)ના ગંગાજી કેટલા વિશાળ પટમાં પ્રસર્યા છે, અને કેટલા ઉંડા? એમાં મોટા-મોટા વહાણો-જહાજો ચાલે એટલા ઉંડા!! હવે, જ્યારે તોતાપુરી ગંગાજીમાં જળસમાધિ લેવા ગયા, કેટલે દૂર સુધી ગયા, તો પણ ત્યાંનું પાણી એમના ઢીંચણથી વધારે થયું જ નહીં, એમને ત્યાં ડૂબવા માટે જગ્યા જ ના મળી. તો, આમ પાણી પણ રસ્તો આપી દે છે. ત્યાં એ ક્ષેત્રના અધિષ્ઠાત્રી દેવી-મા, મા-કાલી-માની રામકૃષ્ણ ઉપરની આ કૃપા કહી શકાય!!

**દેવયજ્ઞનો અર્થ છે કે એ જે પરમસત્ય છે એ જ્યારે આપણા સુધી વિવિધ પ્રકારે, વિવિધ સ્વરૂપે આવે છે, ત્યારે એ અસીમ શક્તિ જે-તે વસ્તુમાં સીમિત થઈને આવે છે, એ દરેક વસ્તુઓમાં આપણે પરમ ચૈતન્યને, એની વિધ-વિધ શક્તિઓને જોઇ-સમજી શકીએ અને એ શક્તિઓને આપણે કઇ રીતે મેળવી, લાભ લઇ શકીએ, એ દેવયજ્ઞથી થાય છે**

આવા તો કેટલાય ઉદાહરણો હશે, કેમ કે પ્રકૃતિની દરેક વસ્તુઓમાં દૈવીશક્તિ છે, એમના પ્રત્યે આપણને શ્રદ્ધા, આદર છે. હવે, વિજ્ઞાન આવું ના તો માની શકે, કે ના તો કરી શકે; અને જે કામ વિજ્ઞાન ના કરી શકે એ શ્રદ્ધા કરી શકે, એ હૃદયની ભાવના કરી શકે. લોકોએ વૃક્ષોમાં દેવોને 'જોયા' છે (અનુભવ્યા) છે, તેથી આપણે પીપળાના વૃક્ષની પૂજા કરીએ છીએ, એની અંદર દેવ જોઇએ છીએ; અને કેટલાય લોકોને એમાં દેવ-સ્વરૂપે દર્શન પણ થયા હશે, નહીં તો આવી પરંપરા હજારો વર્ષોથી ચાલે જ નહીં, જો એમાં કશું દૈવી તત્ત્વ ના હોય તો વૃક્ષોની પૂજાની રીત-વિધિ બે-પાંચ વરસમા બંધ થઇ જાય. વળી, લોકો જાત-જાતની બાધા રાખે છે, અને સો-માંથી માત્ર બે-ત્રણની પણ જો એ બાધા ફળી હોય તો જ બીજા લોકોને આવી માન્યતાઓમાં શ્રદ્ધા બેસતી હોય, અને એ લોકોમાં સ્વીકૃત થઇ આગળ ચાલતી રહે છે.

કુદરતની દરેક વસ્તુઓ પ્રત્યે આવી ભાવ-સભર શ્રદ્ધા-ભક્તિની વાતો જે છે એ દેવયજ્ઞથી સમજાય છે. કુદરત આપણને, માણસને જે બધું આપે છે, એ બધા માટે આપણે એના ઋણી છીએ; એ ઋણમાંથી મુક્ત થવા, કુદરત પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવા દેવયજ્ઞ કરવાનો, રોજ કરવાનો. દેવયજ્ઞનો અર્થ છે કે એ જે પરમસત્ય છે એ જ્યારે આપણા સુધી વિવિધ પ્રકારે, વિવિધ સ્વરૂપે આવે છે, ત્યારે એ અસીમ શક્તિ જે-તે વસ્તુમાં સીમિત થઈને આવે છે, એ દરેક વસ્તુઓમાં આપણે પરમ ચૈતન્યને, એની વિધ-વિધ શક્તિઓને જોઇ-સમજી શકીએ અને એ શક્તિઓને આપણે કઇ રીતે મેળવી, લાભ લઇ શકીએ, એ દેવયજ્ઞથી થાય છે.

ત્રીજો છે પિતૃ-યજ્ઞ. જન્મથી મરણ પર્યંત પિતૃઓ-પૂર્વજોનું ઋણ આપણા ઉપર હોય જ છે, એ ઋણમાંથી મુક્ત થવા માટે એમનું ભાવ-પૂર્વક સ્મરણ-પૂજન કરી ઋણમુક્ત થવાનો પ્રયાસ એટલે પિતૃયજ્ઞ. અને, પૂર્વજોની લાં........બી શૃંખલા જોઇએ તો સૌના પૂર્વજ છે બ્રહ્માજી, અને બ્રહ્માજીના પણ મૂળ આદિ-પૂર્વજ તો પરમાત્મા, પરમ ચેતના! તો, આપણે ત્યાં પિતૃ-ઋણ-મુક્તિની આવી વ્યવસ્થા હતી.

આજે જ હું વાંચતો હતો કે ઇન્ડોનેશિયામાં પણ આ વ્યવસ્થા છે. આપણે જેમ શ્રાદ્ધના દિવસોમાં ભાવ-પૂર્વક 'વાસ' મૂકી પિતૃઓને જમાડીએ છીએ, એનાથી થોડી જુદી રીતે ત્યાં આ પ્રથા પળાય છે - અમુક ખાસ દિવસોમાં એ લોકો પોત-પોતાના ઘરનું ખાવાનું બહાર જાહેરમાં મૂકે છે, અને મહિનાઓ સુધી ખાવાનું મૂકે છે, એમને વિશ્વાસ છે કે એમના પૂર્વજો આવી એ ખાવાનું જમશે.

વિધિઓ કોઇ પણ હોય, એ ભાવ-શ્રદ્ધાપૂર્વક પળાતી હોય તો જ એ લાંબા સમય સુધી લોકો દ્વારા પળાતી રહે છે, નહીં તો એ જડ બની જાય, પછી અંધશ્રદ્ધા બની રહી જાય; અને જ્યારે એ અંધશ્રદ્ધા બની જાય છે ત્યાંથી જ તકલીફ શરુ થાય છે, કે ઘરમાં વડીલ હોય ત્યારે પાણી પણ ના પિવડાવે, એને કોઇ દિવસ પાણીનો પ્યાલો પણ ના આપ્યો હોય, અને એ મરી જાય પછી એના જ

વારસો એની પાછળ, એના જ નામે લાખોનો ધુમાડો કરે. તો, પિતૃયજ્ઞમાં પૂર્વજો, પિતૃઓને શ્રદ્ધાપૂર્વક યાદ કરી 'જમાડવાના' હોય તૃપ્ત કરવાના હોય, એ સાથે ઘરમાંના હયાત વડીલોની સેવા પણ આવી જાય છે.

હું એક ભાઇને કાયમ યાદ કરું છું, એ ભાઇ મને મુંબઇમાં મળેલા, એમનો બહુ મોટો બિઝનેસ હતો. એમણે મને કીધું હતું કે હું જ્યારે ઓફિસથી સાંજે ઘરે આવું છું ને, તો સૌથી પહેલા હું મારા બા છે એમની પાસે અડધો કલાક રહું છું, રોજેય; ત્યારે મારા બા સાથે હું એકલો જ હોઉં છું - પત્ની, બાળકો કોઇ જ નહીં હોય. ત્યાં એમની પાસે બેસીને હું એમના હાથ-પગ દાબી આપું, હળવેથી એમનું માથું દાબી આપું... એ દરમિયાન, બા મને આખા દિવસમાં એની વહુ સાથે, કે જેની સાથે પણ વાતો થઇ હોય, એ મને કહે, હું એ બધું સાંભળું. આમ, મારે બા-ની સાથે રોજ સાંજે અડધો કલાક રહેવાનું.

આગળ, એમણે કીધું કે એક દિવસ શું થયું કે મારા પત્નીનું માથું દુખતું હતુ, તો મારા છોકરાએ કીધું કે 'મમ્મી, હું તારા માથા ઉપર બામ લગાવી આપું'. એણે કીધું, 'ના, તું રહેવા દે, હું બામ લગાવી લઇશ'. આ બધું એ ભાઇના બા સાંભળતા હતાં, એની વહુની વાત સાંભળીને એને કહ્યું, "તું એવું ના કર, તારા દીકરાને બામ લગાવવા દે, એ બામ લગાવશે, તારા માથાનો દુ:ખાવો ધીમે-ધીમે ઓછો થશે, તને આરામ-શાંતિ મળશે, અને પછી તારી અંદરથી જે હાશ કરીને એને માટે આશીર્વાદ નીકળશે ને, એ એને એના જીવનમાં બહુ કામ આવશે; એટલે, તું એને આવા આશીર્વાદથી વંચિત ના કર, એના પ્રત્યે તારી દુઆઓનો પ્રવાહ થવા દે."

એટલે, આપણે કહીએ છીએ કે જ્યાં પંચ ત્યાં પરમેશ્વર; આપણે માટે પાંચ જણાની દુઆઓ હોય. તો, આ દુઆઓ, આશીર્વાદ ક્યારે નીકળશે? સેવા કરવાથી મળશે, ના કે સામેવાળાનું ગળુ પકડીને કહો કે 'તમે મને આશીર્વાદ આપો, મારે માથે હાથ મૂકી દો'. ઘણા લોકો આવીને માથું નમાવીને ઉભા રહે, અને કહે,

'આશીર્વાદ આપો'.

આશીર્વાદ તો અંતરનું ઝરણું છે, એ ત્યારે જ પ્રસ્ફુરિત થાય છે કે જ્યારે તમે સામેવાળી વ્યક્તિના કામ-વ્યવહારથી સાચે જ ખુશ થયા હો, તમે સંતુષ્ટ થાવ, તો એના હિત માટેની લાગણી તમારી અંદર આપોઆપ નીકળે છે; કદાચ, એ ભાવ માટે શબ્દ ના હોય, એ વિચાર પણ ના હોય... બસ, સંતુષ્ટ હૃદયનો એક નિર્મળ ભાવ-લાગણી હોય કે 'એનું ભલું થાય, એનુ સારું થાય,' આ તો હૃદયની ભાવનાનો એક પ્રવાહ છે, જે અનાયાસે જ વહે છે; અને, યાદ રહે, કે આપણા વર્તનથી સામેવાળાની અંદરથી બદ-દુઆ ના આવી જાય, એને દુ:ખી ના કરીએ, કેમ કે 'કબીરા હાય ગરીબ કી કભી ના ખાલી જાય'; અને જો બદ-દુઆ મળે તો એ બધું જ બાળી દે છે.

ચોથો યજ્ઞ છે નૃ-યજ્ઞ - આપણા જીવનમાં ઘણા બધા મનુષ્યોનો સહકાર હશે; વૈજ્ઞાનિકોનો પણ હશે, જેમ કે અત્યારે આપણે જે ઇલેક્ટ્રિક લાઇટ વાપરીએ છીએ, થોડા જૂના, અને અત્યાધૂનિક ઉપકરણો પણ જે વાપરીએ છીએ એ માટેની શોધો જો વૈજ્ઞાનિકોએ ના કરી હોત તો ગેજેટ્સ તો શું લાઇટ પણ આજે આપણને મળી ના હોત. એ બધા વૈજ્ઞાનિકોને આપણે ભલે જાણતા ના હોઇએ, તો પણ એ વાત તો સાચી કે એ લોકોએ કેટ-કેટલી મહેનત કરી હશે, કેટલું મથ્યા હશે, ખાધા-પીધા વગર એમની આરંભેલી શોધો પાછળ લાગેલા જ રહ્યા હશે... ત્યારે આ બધી શોધો થઇ શકી છે. એવી જ રીતે, આપણે ભોજન કરીએ છીએ એ ખેત-પેદાશો ઉગાડવા માટે ખેડૂતોએ કેટલી બધી મહેનત કરી હશે.

આમ, આપણા જીવનમાં ઘણા લોકોનો કોઇ-ને-કોઇ રોલ હશે. વ્યવહારની રીતે જોઇએ તો એમની મહેનત માટે એમને ઓછા-કે-વધારે પૈસા મળ્યા હશે, પરંતુ એ ઉપરાંતની પણ એમણે મન દઇને જે મહેનત કરી છે એ બધા પણ એક પ્રકારના ઉપકાર, ઋણ કહી શકાય. તો, એ બધા ઋણોને અદા કરવા માટે આપણા પૂર્વજોએ એક સુંદર વ્યવસ્થા ગોઠવી - 'અતિથિ સેવા', કે કોઇ અજાણ્યો માણસ મારા બારણે આવીને ઉભો રહે, તો એ ભૂખ્યો ના જાય,

તરસ્યો ના જાય. આ સંસ્કાર દુનિયાની કોઇ પ્રજાને નથી મળ્યા, ભારત સિવાય આ વ્યવસ્થા બીજે ક્યાંય નથી - આ વ્યવસ્થા માટે કોઇ દિવસ શાંતિથી વિચારજો કે આ વ્યવસ્થાને કારણે આ દેશમાં શું-શું થઇ શક્યું છે.

એક વાત તો નિર્વિવાદ છે કે જો આ અતિથિ-સેવાની વ્યવસ્થા, એ માટેના સંસ્કાર અને ભાવ જો આ દેશમાં ના હોત તો આપણને બુદ્ધ ના મળી શક્યા હોત, મહાવીર ના મળ્યા હોત, શંકરાચાર્ય ના મળ્યા હોત, રામકૃષ્ણ, વિવેકાનંદ, રમણ, એવા હજારો જ્ઞાની-પુરુષો, બુદ્ધ-પુરુષો આપણને મળ્યા ના હોત.

આ વિચાર-સંસ્કાર-ભાવને જો આજની પાશ્ચાત્ય ભૌતિકી વિચારધારાથી જોઇ-મૂલવીએ તો એવું થાય કે જો કોઇ વ્યક્તિ આપણા બારણે આવી ઉભી રહે, તો એને આપણે પકડીને તરત જ બહાર કાઢી મૂકીએ, કે આ તો મહેનત નથી કરતો એને શું કામ ખાવા-પીવાનું આપીએ, એ પણ મફતમાં? આ વિચારધારા આપણને બહારની, શારીરિક મહેનત જ મુલવતા શીખવે છે, સામાન્ય રીતે આપણને એ જ વાત સમજાય, પરંતુ, અકિંચન, સાધુ-સંતો જે અંદર કેટલી મહેનત કરી રહ્યા છે એ અંદરની મહેનત તો બિલકુલ નથી સમજાતી.

અતિથિ-સેવા આપણા દેશ સિવાય વિશ્વ આખામાં બીજે ક્યાંય નથી. આ સેવા માટે આપણે ત્યાં લોકોના કેવા-કેવા ભાવો હતા, આ ભાવોને ઉદાહરણો સહિત સમજાવતી પુરાણોમાં કેવી સરસ વાર્તાઓ છે, એ પણ વાંચવા જેવી છે.

એક વખત કોઇએ વિવેકાનંદજીને પૂછ્યું કે "તમને લાગે છે કે રામાયણમાંનું સીતાનું જે પાત્ર છે એ સાચું હશે? સીતા નામની કોઇ સ્ત્રી સાચે જ થઇ હશે? રામ કરીને કોઇ વ્યક્તિ થઇ હશે? એવું લાગે છે કે રામાયણ તો માત્ર એક કાવ્ય જ છે."

સ્વામીજીએ જવાબ આપતા બહુ સુંદર વાત કહી કે જો કોઇ કાવ્યમાં પાત્ર ઊભું થાય છે તો એ કવિની ભાવના વગર તો ના જ ઊભું થાય. દુનિયામાં હજારો-લાખો સાહિત્ય રચનાઓ છે, કાવ્યો

છે, એમાંથી શોધી કાઢો સીતા જેવું પાત્ર; રામચંદ્રજી જેવું કોઇ એક પાત્ર પણ શોધીને બતાવો. આખી દુનિયાના સાહિત્યમાંથી રામાયણમા વર્ણવેલી જે વ્યવસ્થા છે, જે મૂલ્યો છે એ શોધી બતાવો. જો આવી બધી વાતો, સંસ્કારો, મૂલ્યો જો વાસ્તવમાં સાચે-સાચ ના હોય તો એ માત્ર કાવ્યમાં ના આવી શકે.

અતિથિ સેવાને સમજાવતી એક વાર્તા પુરાણમાં આવે છે. એ વાર્તા કાંઇક આવી છે દ્ધ એક પારધી હોય છે જે જંગલોમાં ભટકીને પોતાના તીર-કામઠાથી નાના પશુ, પક્ષીઓનો વધ કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. એક વખત શિયાળાનો સમય હોય છે, એને કોઇ શિકાર નથી મળતો તેથી એ ભુખ્યો રહે છે, એને એના પરિવારની ચિંતા થઇ કે એ લોકો પણ બધા ભૂખ્યા રહેશે. અંધારું થઇ જાય છે, એ જંગલમાંથી નીકળી નથી શકતો; એવામાં વરસાદ પડ્યો, એ ભિંજાયો, ઠંડીથી ધ્રુજતો-ધ્રુજતો એક વૃક્ષ નીચે એ બેસી જાય છે. એ વૃક્ષમાં, ઉપર પક્ષીનો એક માળો હોય છે, માળામાં નર-માદા બંને સાથે હોય છે. પારધીને જોઇને એ બંને વિચાર કરે છે કે અરે! આ તો આપણા બારણે અતિથિ આવી ગયા છે! એને કેટલી તકલીફ છે, ઠંડી-તાઢથી એ મરી રહ્યો છે, ભુખ્યો છે. તો આપણે શું કરી શકીએ?

એટલામાં નીચે પારધીએ ગમે-તેમ કરી કાંઇ સળગાવ્યું હશે, અને લાકડા તો બધા ભીના. આ જોઇને પક્ષીઓએ એમનો માળો નીચે પાડી દીધો, માળો આગમાં બળ્યો એટલે પારધીની ઠંડક થોડી ઓછી થાય છે. હવે એને કકડીને ભૂખ લાગી; ઉપર પક્ષીઓ વિચાર કરે કે હવે આપણે શું કરી શકીએ? માદા પક્ષીએ નક્કી કર્યું કે હું એને મારું શરીર જ અર્પણ કરી દઉં, અને એ નીચેની આગમાં પડી મરી જાય છે. એકલો નર રહ્યો, એ વિચાર કરે કે આટલામાં અતિથિને તૃપ્તિ નહીં થાય, હું પણ મારું શરીર એને અર્પણ કરી દઉં, અને એ પણ નીચે આગમાં પડે છે - બસ, 'અતિથિ' પારધીને એનું ભોજન મળી જાય છે. તો, અતિથિ માટેનો આવો ભાવ હોય છે.

સંત એકનાથને ત્યાં એક વખત અતિથિઓ આવી ગયા; એકનાથજીએ ઘરમાં જોયું તો લાકડા ન્હોતા, તેથી એમણે એમના ઘરના છાપરાના લાકડા કાઢીને એના દેવતા સળગાવીને અતિથિઓની સેવા કરી.

અતિથિ માટે આવો ભાવ દુનિયામાં ક્યાંય શિખવવામાં નથી આવ્યો, આ વિચાર-સંસ્કાર આપણને આપણા ઋષિઓએ આપ્યા છે. ધર્મશાસ્ત્રો દ્વારા આપણને એવું શિખવવામાં આવ્યું છે કે અતિથિ અગ્નિ સ્વરૂપ છે, એ જો ભૂખ્યો-તરસ્યો જતો રહે તો આપણા બધાં પૂણ્યોનો નાશ કરી દેશે, આપણા પુણ્યોનો ક્ષય થઇ જશે. એટલે, આ સંસ્કાર, આ પ્રથા આજે પણ આંશિક રીતે પળાય છે, આપણે ત્યાં કોઇ પણ આવે તો સૌથી પહેલા એને પાણી આપીએ છીએ, અતિથિને અગ્નિ-સ્વરૂપ સમજીને એને ઠંડો કરીએ છીએ.

હું કેટલી વખત વાત કરું છુ કે તમે વિદેશમાં બહુ નહીં પણ માત્ર પાંચ જ પરિવાર એવા તૈયાર કરી બતાવો કે જેમના બારણે કોઇ અજાણ્યો માણસ આવે અને એ લોકો પ્રેમથી એને પાણી આપે અને જમાડે પણ. ભારતમાં તો આવા કરોડો ઘર હશે, અને આજે પણ હું નથી સમજતો કે આપણામાંથી કોઈના પણ બારણે કોઇ આવીને માત્ર ભોજન માંગે બીજું કશુ ના માંગે, અને આપણને એટલો વિશ્વાસ હોય કે એ માણસ આપણને નુક્શાન નહીં કરશે એ ચોર-ડાકુ નથી - કેમ કે આજ-કાલ તો ઘણા ચોર-ડાકુઓ પણ આપણા આવા સારા ભાવનો ગેરલાભ લેતા થઇ ગયા છે - તો મને નથી લાગતું કે એક રોટલી માટે આપણે એને ના કહીશું.

તો, વિચાર કરો કે આપણી અંદર કેવા-કેવા સંસ્કારો ઉતરી ગયા છે કે આપણને કોઇએ આવું કરવા ના કીધું હોય, કોઇ ઉપદેશ નથી આપતા, એ માટેનું કોઇ જૂદું ભણાવવામાં નથી આવતું, તે છતાં આપણે કોઇને એક-બે રોટલી, કે માત્ર એક ટંકના સાદા ભોજન માટે ના નહીં કહી શકીશું. તો, આ અતિથિ-સેવાનો ભાવ છે.

મને એક સંતની વાત યાદ આવે છે કે એ સંત કાનપુર કે એની

આજુ-બાજુના વિસ્તારમાં જતા હતા; સાથે એમના એક-બે શિષ્યો હતા. રસ્તામાં કોઇ ભાઈ મળી ગયા, એણે મશ્કરી કરવા આ સંતને કીધું કે નજીકમાં રહેતા એક બીજા ભાઈને ત્યાં જાવ, એ ભાઈનું સરનામું પણ આપી કહે કે 'એ તો ખૂબ સંત-સેવી છે, તમે એના ઘરે જરૂર જજો.' સંત તો ભોળા, પહોંચી ગયા એ તો શિષ્યો સાથે; અને જોયું તો એ (સરનામાવાળા) ભાઇને તો સાધુના નામથી જ ખૂબ ચીડ હતી, અને પેલા ભાઇએ આવાને ત્યાં આ સંતને મોકલી દીધા હતા!

સંત તો આ ભાઇને બારણે જઇ ઉભા, સંતને જોઇ એ ભાઇ તો બહુ જ નારાજ થયા, અને એમને કાઢી મૂક્યા. સંત થોડે દૂર આવી છાંયડામાં બેસી ગયા, અને એમના શિષ્યને કીધું કે "જાવ, એમને ત્યાંથી પાણી લઈ આવો." શિષ્યે કીધું, "અરે! અત્યારે તો એણે તમને ગાળ આપીને કાઢી મૂક્યા અને તમે મને એને ત્યાંથી જ હવે પાણી લેવા મોકલો છો?" સંતે કીધું, "તમે જાવ, એ પાણી માટે ના નહી કહેશે."

શિષ્ય ગયો પાણી લેવા, એ ભાઇએ પાણી આપ્યું તે લઇને શિષ્ય એ સંત પાસે આવી ફરી પૂછ્યું, "તમે આવું કેમ કીધું? આપણે પાણીની ક્યાં જરૂર હતી?" સંત કહે, "શાસ્ત્રમાં કીધું છે કે 'અતિથિ અગ્નિ-સ્વરૂપ હોય છે, એને ગૃહસ્થીએ પાણી તો આપવું જ જોઇએ, નહીં તો એ ગૃહસ્થીના પુણ્ય બળી જાય,' એટલે, એનું અહિત ના થાય એ માટે આપણે એને ત્યાંનું પાણી લેવાનું."

હું જ્યારે હરિદ્વારમાં હતો ત્યારે ત્યાંના એક આશ્રમમાં રહતો હતો; એ આશ્રમના જે મહંતજી હતા એ અને હિમાંચલમાં એક બીજો આશ્રમ હતો એની સંપત્તિને લઈને એ લોકો કોર્ટે ચઢ્યા હશે. આ મહંતજીએ જ્યારે હિમાંચલ જવાનું થાય, અને જે સંત જોડે કોર્ટમાં જવાનું હોય એમના જ આશ્રમમાં જઇને રોકાય, ત્યાં જ જમે અને બીજા દિવસે બંને જણા સાથે કોર્ટમાં જાય, અને ત્યાં લડે. તો, એક દિવસ આ મહંત જમતા હશે, જમતી વખતે પેલા સંત જોડે કોર્ટની વાત કરવા ગયા, તો એ સંતે કીધું કે, "જુઓ, અત્યારે તમે

મારે ત્યાં અતિથિ છો, અહીં શાંતિથી રહો, જમો, તમારી જે કાનૂની વાતો છે એ આપણે કોર્ટમાં કરીશું."

તો, અતિથિ પ્રત્યેનો ભાવ આવો હોય છે, કે જો દુશ્મન પણ આપણે ત્યાં અતિથિ તરીકે આવી જાય તો એની સાથે પણ આપણાથી દુર્વ્યવહાર ના થાય, એવો ભાવ હતો. કોઇની જોડે આપણો ઝગડો પણ થયો હોય, અને એ આપણે ત્યાં આવે તો એને આપણે પાણી આપ્યા વગર કાઢી મૂકીએ એવું તો આપણે ના જ કરીએ.

પંચ-યજ્ઞમાં પાંચમો યજ્ઞ છે, ભૂતયજ્ઞ. ભૂત(જગત) એટલે જે નાના-મોટા પ્રાણી-પશુ-પક્ષીઓ, વૃક્ષો, આપણી અંદરના અને બહારના નાના જીવ-જીવાણુઓ, એમાં બધાં આવી ગયા. પ્રકૃતિમાં એવો કોઇ પણ જીવ નથી કે જે આપણા જીવનમાં ઉપયોગી ના થતો હોય, તેથી એ બધાંનું પણ આપણી ઉપર ઋણ હોય છે, જે ભૂતયજ્ઞથી ઉતારવાનું હોય.

બકરી, ગાય, ભેંસ ઘાસ ખાઇને આપણને દૂધ આપે છે, હવે એ દૂધમાંનું જે સેલ્યુલોઝ છે એ પચાવે છે આપણા શરીરમાંના ઝીણા સ્પેશ્યલ બેક્ટેરિયા, એ જો ના હોય તો એ સેલ્યુલોઝ આપણને પચે નહીં. બીજું, માનો કે આપણે ઘાસ ખાઇ શકતા હોઇએ અને જો ખાઇએ પણ, તો એ ઘાસ કાંઇ આપણને પચે નહીં.

જમીનમાંના નાના જીવો પણ આપણ માટે ઉપયોગી છે; જમીનમાંના અળસિયા જો એમનું કુદરતે આપેલું કામ ના કરે તો ખેત-પેદાશ, પાક, છોડવાઓ ઉગે નહીં, જંગલ જ ના થાય. એટલે, દરેક પ્રાણી કોઇ-ને-કોઇ રૂપમાં આપણા જીવનમાં ઉપયોગી થાય છે. એ બધાંનુ આપણા ઉપર ઋણ છે, એનાથી ઉઋણ થવા માટે આપણને એવી વ્યવસ્થા શીખવી છે કે કીડીનું દર પૂરો, પક્ષીને ચણ નાંખો, વિગેરે.

તમે વિચાર કરો કે વિશ્વમાં આવી કોઇ પણ વ્યવસ્થા છે ખરી? આજે પણ આપણે જોઇએ છીએ કે કેટલી જગ્યાઓએ બહેનો અમુક દિવસે લોટ લઈને ઘરની બહાર નીકળી જાય છે, અને ઘરની આજુ-બાજુમાં જ્યાં-જ્યાં કીડીના દર જુએ ત્યાં લોટ નાંખી આવતા

હોય છે; બહેનો નાના-મોટા વૃક્ષોને પાણી પા-તા હોય છે, ઘરમાં તુલસીનો છોડ હોય એને રોજ સવારે પાણી આપી પૂજા પણ કરે, નજીકના વડ-પીપળાને પાણી આપે, અમુક દિવસોએ એની પૂજા પણ કરે છે. આવું બધું કરે છે કેમ કે એ બધાંનો આપણા ઉપર ઉપકાર, ઋણ છે, એનાથી ઉઋણ થવા માટે આવા નિયમ-રીત-રિવાજો આપણને ધર્મશાસ્ત્રકારોએ આપ્યા છે.

આપણે ઘણી વખત એવું સાંભળીએ છીએ કે ઓક્સિજનના અભાવે કેટલાંય લોકોનું મૃત્યુ થઇ ગયું. હવે, કોઇ કારણસર આપણે આવી સ્થિતિમાં આવી પડીએ, અને એવું થઇ જાય કે જો ઓક્સિજન પાંચ મિનિટમાં નહીં મળે તો જતા જ રહીશું... અને, અચાનક કોઇ ત્યાં આવી જાય અને ઓક્સિજનની વ્યવસ્થા કરી દે, અને, આપણે બચી જઈએ. તો, આવી વ્યક્તિને આપણે ક્યારેય ભૂલી શકીશું? અરે! એનો ફોટો મઢાવીને પૂજાના ખંડમાં મૂકી દઇશું આપણે!

હવે, વિચાર કરો, આપણે માટે આ વ્યક્તિએ ખરેખર કર્યું શું? માંડ અડધો કલાક સુધી ચાલી શકે એટલા ઓક્સિજનની વ્યવસ્થા જ કરી ને એણે? હા, અણીને સમયે એ વ્યવસ્થા કરી આપી એ વાત પણ સાચી, પરંતુ, એનાથી વધારે તો એણે કશું કર્યું નથી. બીજી તરફ જુઓ કે પ્રકૃતિમાં જે બધાં વૃક્ષો છે એ આખું જીવન આપણને ઓક્સિજન આપે જ રાખે છે, આપણા જીવન પર્યંત. તો, આપણને વૃક્ષો માટે કોઇ લાગણી, અહોભાવ એની ઉપકારિતાનો ભાવ થાય છે ખરો? આકાશમાંના વાદળો જે આપણને વરસાદ આપે છે એને માટે કોઇ દિવસ આવા ભાવ થાય છે? નદીઓ માટે કોઇ અહોભાવ થાય છે?

એટલે, આપણને એ પણ શિખવાડાયું છે કે વર્તમાન સમયમાં પંચભૂત માટે પાણીનો બગાડ નહીં કરવાનો, લાઇટ ભલે વિજળીથી ચાલતી હોય, તો પણ એ છે તો અગ્નિ સ્વરુપ જ, એ પણ પ્રકાશ આપે છે, તેથી એનો પણ બગાડ-વ્યય નહીં કરવાનો - તો, આવી બધી વાતો પંચયજ્ઞમાં આવે છે.

હવે, કોઇ કહેશે કે આ બધી વાતો તો જૂની છે, તો એટલું

જરૂર સમજવાનું કે આપણા અસ્તિત્વ માટે આ વાતો આવશ્યક છે, અને જે વાત આપણા અસ્તિત્વ માટે હોય એ સનાતન જ હોય, જૂની નથી થતી. હા, એ વાત સાચી કે પંચયજ્ઞોની વ્યાખ્યા આજના, વર્તમાન સમયને અનુરૂપ, જીવન પ્રમાણે થવી જોઇએ; એ ત્યારે શક્ય બની શકે કે જ્યારે પંચયજ્ઞ એટલે શું? એની સાચી સમજ પાકી થાય ત્યારે, અને એ પાકી થવી જોઇએ.

આ સંદર્ભમાં એટલું સમજીએ કે પંચ-મહાભૂતો આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી - આ બધા પ્રત્યે હું સભાન છું, અને હું એમાંથી કોઇનો દુરૂપયોગ કે વ્યય નથી કરતો; મારા ઉપર એ તત્ત્વના ઉપકારો માટે ભાવ છે, માન છે. હવે, તમે અગ્નિ માટે એવો ભાવ રાખી જુઓ; પાણી માટે આવો ભાવ રાખી જુઓ, પાણી અમૃત થઇ જશે, તમારે માટે એ દવા બની જશે. વિચાર કરો, કોઇ દિવસ તમને કોઇ પણ કારણસર જોઇએ ત્યારે પાણી મળતું નથી, તમને ખૂબ તરસ લાગી છે, ત્યાં સુધી કે તમે તરસથી મરતા હો, કે પછી તમે મરણપથારીએ હો... અને, એવા સમયે તમને કોઇ પાણી આપી દે, તમારો જીવ બચી જાય... તો, તમને એ વ્યક્તિ માટે કેવી લાગણી, કેવા ભાવ આવે?

તમને અન્ય સમયે એ જ પાણી માટે, કે અન્ય પદાર્થો માટે એવો જ અહોભાવ, એવો જ પ્રત્યુપકારનો ભાવ થાય? તમને એવું ક્યારેય થાય છે કે હું પાણી માટે, વૃક્ષો માટે કઇંક કરું, કેમ કે વૃક્ષોએ મને આખું જીવન ઓક્સિજન આપ્યું છે, મારામાં હરઘડી પ્રાણવાયુ પૂર્યા જ કર્યો છે, તેથી હું એમને માટે કઇંક કરું? અગ્નિ માટે થાય છે? નાના જીવ-જંતુઓ માટે આવું થાય છે? પ્રાણીઓ માટે થાય છે?

મને ક્યારેક ક્યારેક બહુ દુ:ખ થાય છે એ જોઇને કે અમુક લોકો ઘરમાં સતત ટપકતા પાણીના લીકેજ તરફ બેધ્યાન જ રહે છે, અને એ ઠીક નથી કરાવતા, બે-ચાર-છ દિવસો સુધી. આવી રીતે પાણીનો કેટલો બધો વ્યય થાય છે? રોજ ૨૪ કલાકોમા, ૮-૧૦ ડોલ પાણી વેડફાતું હોય છે. એને પૂછીએ તો કહે, “હા, ખબર છે,

પ્લમ્બરને બોલાવ્યો છે  એ આવીને રીપેર કરશે." આવી રીતે પણ આપણે જળનું કેટલું અપમાન કરીએ છીએ? 'પાણી' કહીએ તો જાણે કોઇ મોલ જ નથી, એને માટે કોઇ ભાવ નથી આવતો, પણ એને જ જો જળ કહીએ તો? ચરણામૃત કહીએ તો એમાંની દિવ્યતા માટે ભાવ, આદર થાય છે. પાણીનો વ્યય થયા કરે છે, કર્યા કરીએ છીએ, પણ જો જળ હોય તો ફેંકી દેતા નથી.

ઘણાં વર્ષો પહેલા હું એક ઘરમાં રોકાયો હતો. સવારે ઘરના બધા જ નળોમાંથી પાણી જોરથી પડવા લાગ્યું હતું. જોયું તો બાથરૂમમાં, રસોડામાં, બધે જ નળ પુરે-પૂરા ખુલ્લા જ હતાં. મેં ૫-૧૦ મિનિટ રાહ જોઇ કે કોઇ ઉઠીને નળ બંધ કરશે, પણ ૧૦-૧૫ મિનિટ થઈ ગઇ, કોઇ હાલે જ નહીં, ઘરમાં બધા જ સૂતા હતાં. પછી, ઉઠ્યા, નળ બંધ કર્યા અને કીધું કે "હા, સ્વામીજી, સવારમાં આ રીતે આવતા પાણીનો અમે એલારામ માટે ઉપયોગ કરીએ છીએ...કે પેલો ધધૂડો (ધોધ) પડે, એટલે એના અવાજથી અમે ઉઠી જઇએ." મેં કીધું કે તમે ઉઠ્યા ક્યાં હતા? લગભગ ૧૫ મિનિટ સુધી ધધૂડો તો વાગતો જ હતો. એ કહે, હા, ક્યારેક-ક્યારેક વધારે ઉંઘ આવી જાય છે.

અરે! પાણીની કોઇ કિંમત છે કે નહીં? એ જે આપણને પ્રાણ આપે છે, એ આપણું જીવન છે એની કોઇ કિંમત છે?

આપણા ઋષિઓએ આપણને જે શિખવ્યું હતું એના કરતાં આજે આપણે બધું ઉંધું જ કરતા થઇ ગયા છીએ, એટલે, પહેલાં તો આપણા આવા વર્તનોને સમજવાની જરૂર છે. પંચયજ્ઞ કરતાં-કરતાં, ધીમે-ધીમે આપણે સર્વભૂતોમાં પરમાત્માને જોતાં શીખવું છે. પંચ-મહાભૂતોથી લઇ નાના જીવડામાં, સૂક્ષ્મ જીવાણુઓમાં પણ 'એ'ને જોતાં શીખવું છે. અને, જે દિવસે બધાયમાં પરમાત્માને જોતાં થઇ જશું, પોતાના હ્રદયમાં એને જોઇ લઇશું, તો પછી બીજું કશું કરવા જેવું રહેતું નથી, જીવનમાં કોઇ અધૂરપ રહેતી નથી, કોઇ અપૂર્ણતા રહેતી નથી.

।। ૐ तत् सत् ।।